# લો કોસ્ટ ટેબલેટ 'આકાશ-૨' લોંચ

## માત્ર ૧૧૩૨માં ઉપલબ્ધ : બજાર કિંમત માત્ર ૨૯૯૯ રૂપિયા : બે જીબીની મેમોરી : ૫૫ લાખથી વધુ બુકિંગ

નવી દિલ્હી,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ભારતના લોકોસ્ટ ટેબલેટ આકાશ-૨ને આજે સત્તાવાર રીતે લોન્ચ કરી દેવામાં આવતા અતિઆધુનિક ટેબલેટ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મોટુ પગલુ લેવામાં આવ્યું છે. આકાશ-૨ લોન્ચ થયા બાદ ભારતીય વિદ્યાર્થીઓનો ૧૧૩૨ના સબસિડી રેટ ઉપર આ ટેબલેટ ઉપલબ્ધ થશે. આકાશની નવી આવૃત્તિમાં ઘણા સુધારાઓ કરવામાં આવ્યા છે. દેશના પ્રથમ શિક્ષણ પ્રધાનની ૧૨૪મી જન્મજયંતિના પ્રસંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આકાશ-૨ લોન્ચ કરતા ઉત્સુકતા વધી ગઈ હતી. આ ગાળા દરમિયાન હજારો શિક્ષકો વિડિયો કોન્ફરન્સીંગ મારફતે આનાથી જોડાયા હતા. આકાશ-૨ ટેબલેટનો આ જ મહિનામાં ૨૮મી નવેમ્બરના દિવસે સંયુક્ત રાષ્ટ્રમાં પણ રજુ કરવામાં આવનાર છે. ન્યૂયોર્ક ટાઈમ્સ બ્લોગપોસ્ટના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ વર્ષના અંત સુધી એકલાખ વિદ્યાર્થીઓને




સબસિડીના દરે ૧૧૩૨ રૂપિયામાં આકાશ-૨ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જ્યારે તેની બજાર કિંમત ૨૯૯૯માં રહેશે. આકાશ-૧માં આવેલી અડચણોને ધ્યાનમાં લઈને આકાશ-૨માં ટેકનીકલ રીતે ઘણા સુધારા કરવામાં આવ્યા છે. ડેલ્ટા કોમ્પ્યુટર્સના નિર્દેશક સુનિલ જૈને કહ્યુ છે કે આકાશ-૨ની નવી વિશેષતા વિદ્યાર્થીઓને ખુબ પસંદ આવશે. આમાં એજ્યુકેશનલ સોફ્ટવેરની સાથે સાથે આશરે દોઢ લાખ એપ્લિકેશન પણ છે. આકાશ-૨માં પ્રોસેસર વધારે ક્ષમતાના છે. જેનાથી આનામાં વારંવાર હેંગ થવાની સમસ્યા રહેશે નહીં. આ ઉપરાંત બેટરી બેકઅપની ટેકનોલોજીમાં પણ સુધારો કરવામાં આવ્યો હતો. પહેલાની સરખામણીમાં આની બેટરી ત્રણ કલાક સુધી કામ કરશે. આકાશનું નિર્માણ કરનાર કંપની ડેટાવિન્ડના સીઈઓ સુનિતસિંહ તુલીએ કહ્યુ હતુ કે નવા વર્ઝનમાં સાત ઈંચના ડિસ્લેની સાથે સાથે સેન્સેટીવ ટચસ્ક્રિન સહિતની વિશેષતાઓ છે. તેમણે કહ્યુ હતુ કે જુના વર્ઝનમાં યુટ્યુબથી વિડિયો ડાઉનલોડ કરવાની બાબત તથા એન્ડ્રોઈડના એપ્લિકેશન ડાઉનલોડ કરવાની બાબત મુશ્કેલરૂપ હતી પરંતુ આકાશ-૨માં આ તમામ સુવિધાઓ શક્ય બની છે. તુલીએ કહ્યુ હતુ કે કંપનીની પાસે હજુ સુધી ૫૫ લાખથી પણ વધારે બુકિંગ થઈ ચુક્યુ છે. દરરોજ ૨૦૦૦ ટેબલેટનું નિર્માણ કરી રહી છે. ડેયરટેલ સોલ્યુશનના નિર્દેશક રવિ મલ્હોત્રાએ કહ્યુ છે કે નવા આકાસમાં બે જીબીની મેમરી પણ આપવામાં આવી છે. આને ૩૨ જીબી સુધી વધારી શકાય છે. અલબત્ત આ ટેબલેટ મળવામાં હજુ કેટલાક મહિના લાગી શકે છે.

## દિવાળી તહેવારની ઉજવણી વચ્ચે શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ

મુંબઈ,તા. ૧૧

તહેવારની સિઝન ચાલી રહી હોવા છતાં શેરબજારમાં ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાને લઈને ઉથલ-પાથલનો દોર દેખાઈ રહ્યો છે. ફુગવાના આંકડાને લઈને પણ હતાશાનું મોજુ દેખાઈ રહ્યુ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે દિવાળીની ઉજવણી વચ્ચે શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી શકે છે. આવતીકાલે ૧૨મી નવેમ્બનરા દિવસે શેરબજાર અને કારોબારી જેની રાહ જોઈ રહ્યા છે તો સપ્ટેમ્બરના મહિના માટે ઔદ્યોગિક ઉત્પાદનનો આંકડો જારી કરવામાં આવનાર છે. જે આ સપ્તાહ માટેની બજારની ચાલ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા અદા કરશે. આઈઆઈટીના આંકડા ઘણા સેગમેન્ટમાં સીધી અસર કરશે કારણ કે આ આંકડા હજુસુધી જાહેર થયા નથી. આઈઆઈએફએલમાં રિસર્ચ વડા અમર અંબાણીનું કહેવું છે કે હિન્દુ તહેવારોની સિરિઝ વચ્ચે પણ બજારોની સ્થિતિ મજબુત દેખાઈ રહી નથી. બજારમાં કોઈ મજબુત પરિબળો આવી રહ્યા નથી. વૈશ્વિક નાણાંકીય કટોકટી અને ગ્રીસ તથા અન્ય દેશોની દેવાની સ્થિતિ ચિંતા ઉપજાવી રહી છે. તેજીમાં કોઈ ઝડપથી પરિવર્તન થવાના કોઈ સંકેત પણ દેખાઈ રહ્યા નથી. સેન્સેક્સ આગામી સપ્તાહમાં પણ ઉથલપાથલ રહી શકે છે. જો કે તહેવાર હોવાથી તેમાં એકદમ મંદી રહેશે નહીં. અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ ગયા બાદ અમેરિકા સરકાર ટેક્સના મુદ્દા પર કઈ રીતે આગળ વધે છે તેના પર તમામની નજર રહેશે. દિવાળીમાં રજાના કારણે ૧૩ અને ૧૪મી નવેમ્બરના દિવસે કોઈ પણ સામાન્ય કારોબાર થશે નહીં. જો કે ૧૩મી નવેમ્બરે દિવાળીના દિવસે મુર્હૂત કારોબાર યોજવામાં આવશે જે એનએસઈ અને બીએસઈ બંને માં ચાલશે. આ કારોબાર ૩.૪૫ વાગ્યે શરૂ થશે અને સંજે ૫.૦૦ વાગ્યે પૂર્ણ થશે. સીબી પાસે ઉપલબ્ધ માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે દિવાળીએ કારોબારીઓ સંવત ૨૦૬૯ અથવા હિન્દુ કેલેન્ડર મુજબ નવા વર્ષ તરીકે પણ ગણે છે. બે મોટી કંપની ડીએલએફ અને જય પ્રકાશ એસોશિએટ આવતીકાલે તેના પરિણામ જાહેર કરનાર છે. જેથી કારોબારીઓની નજર આ બે શેર ઉપર પણ રહેશે. બજારને હચમચાવી મૂકે તેવા અન્ય પરિબળોમાં હોલસોલ પ્રાઈસ ફુગાવો અને ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાઓનો સમાવેશ થાય છે. ૧૪મી નવેમ્બરના દિવસે ફુગાવાના આંકડા જારી કરવામાં આવનાર છે.

## ફટાકડા માટેની માંગમાં ૩૨ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો

નવી દિલ્હી, તા. ૧૧

ઉંચી કિંમત અને અવાજ તથા હવાઈ પ્રદૂષણના પરિણામસ્વરૂપે આ વખતે ફટાકડાઓ અને ફાયરવર્કસની માંગમાં આશરે ૩૨ ટકાનો ઘટાડો થઈ ગયો છે. સ્મોલ બિઝનેસ અલીબાબા ડોટકોમ માટે ઈ કોમર્સ પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આ વર્ષે દિવાળીની ઉજવણી વધુ સ્વચ્છ અને અવાજમુક્ત રીતે કરવાની હિલચાલ મોટાભાગના લોકો હાથ ધરી ચુક્યા છે જેના પરિણામસ્વરૂપે ફટાકડાઓની માંગમાં ૩૨ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થઈ ચુક્યોછે. ઓક્ટોબર ૨૦૧૧ અને ૨૦૧૨ વચ્ચેના આંકડાકીય માહિતી ઉપર નજર કરવામાં આવ્યા બાદ જાણવા મળે છે કે આ વખતે માંગ ખુબ ઘટી ગઈ છે. ભારતીય ગ્રાહકો



પર્યાવરણને લઈને વધારે સાવધાન બન્યા છે. ભારતીયો પણ યોગ્ય દિશામાં પગલા લઈ રહ્યા છે. પર્યાવરણને લઈને વૈશ્વિક ચિંતા વધી ગઈ છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે ફટાકડાની માંગમાં ઘટાડો થવા માટે સુરક્ષા પણ એક કારણરૂપ છે. ફટાકડા પર વધારાનો ખર્ચ કરવા પણ લોકો તૈયાર નથી. આનુ કારણ એ છે કે વૈશ્વિક મંદીની સીધી અસર ભારત ઉપર પણ થઈ છે. હોળી દરમિયાન જે રીતે ઈકો ફ્રેન્ડલી કલર અને ગણેશ ઉત્સવ દરમિયાન ઈકોફ્રેન્ડલીની બોલબાલ વધી છે તેવી રીતે હવે ઈકોફ્રેન્ડલીની બોલબાલ દરેક તહેવાર પર વધી ગઈ છે. તહેવારની સિઝનમાં ભારત બીજા સૌથી મોટા બજાર તરીકે ઉભરી આવે છે. પરંપરાગત ખરીદી માર્કેટ કરતા પણ ભારતમાં માંગ વધારે થઈ જાય છે.

## કરચોરી મામલે રામદેવના ટ્રસ્ટને પાંચ કરોડની માંગ નોટિસ

નવી દિલ્હી,તા. ૧૧

સરકારે યોગાકેમ્પનું આયોજન કરતી વેળા કથિત સર્વિસ ટેક્સ ચોરીના સંબંધમાં રામદેવ દ્વારા ચલાવવામાં આવતા ટ્રસ્ટ ઉપર પાંચ કરોડની માંગ કરીને નોટિસ ફટકારી દેવામાં આવી છે. સરકારે પાંચ કરોડની માંગ નોટિસ ફટકારતા રામદેવને સકંજામાં લેવાનો સંકેત સરકારે આપી દીધો છે. આ અંગેની માહિતી આપતા અધિકારીઓએ કહ્યુ છે કે હરિદ્વારમાં પતાંજલિ યોગાપીઠ અને દિવ્યયોગ ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવતા કેમ્પ વાણિજ્ય પ્રવૃત્તિ રીતે ચાલે છે.

મહેસૂલ વિભાગે યોગા શિખવા માટે વ્યક્તિગતો પાસેથી વસૂલ કરવામાં આવલી ફી સ્વરૂપે ૫.૧૪ કરોડ રૂપિયા ચૂકવવા પાત્ર રકમની માંગ કરી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સેન્ટ્રલ એક્સાઈઝ ઈન્ટેલિજન્સે ૫.૧૪ કરોડ રૂપિયાની કરચોરી બદલ નોટિસ ફટકારી દીધી છે. નાણાં મંત્રાલયના અધિકારીએ કહ્યુ છે કે આ માંગ વર્ષ ૨૦૦૭-૦૮ અને



૨૦૧૧-૧૨ વચ્ચેના ગાળા માટે મુલ્યાંકન માટે વધારી દેવામાં આવી છે. સંપર્ક કરવામાં આવતા રામદેવના પ્રવક્તા એસકે તિજારાવાલાએ કહ્યુ છે કે ટ્રસ્ટ અને યોગાકેમ્પ યોજવા જેવી તેની પ્રવૃત્તિ સર્વિસટેક્સની જાળમાંથી બહાર છે કારણ કે આ પ્રવૃત્તિ તબિબી રાહત માટે ચેરિટેબલ પ્રવૃત્તિ તરીકે છે. ટ્રસ્ટની પ્રવૃત્તિને સર્વિસ ટેક્સથી દૂર રાખવામાં આવી છે. નાણાં મંત્રાલયના અધિકારીના જણાવ્યા મુજબ ગયા મહિને મોડેથી જારી કરવામાં આવી હતી. યોગ ગુરુએ તેમના દ્વારા ચલાવવામાં આવતા ચાર ટ્રસ્ટને આવરી લેતા ૪૨૬.૧૯ કરોડની મૂડી જાહેર કરી હતી. યોગગુરુ બાબા રામદેવે હાલમાં જ કાળાનાણાંને લઈને સરકાર સામે ઝુંબેશ ચલાવી હતી જેના પરિણામસ્વરૂપે સરકાર પણ હાલમાં તેમનાથી નારાજ દેખાઈ રહી છે. તેમને જુદીજુદી રીતે સકંજામાં લેવા સરકાર કમરકસી ચુકી છે. અધિકારીઓનું કહેવું છે કે ટ્રસ્ટ યોગાકેમ્પના ભાગીદારો પાસેથી દાન તરીકેની રકમ લઈ રહી છે.

## કોકરાઝારમાં ફરી કોમી હિંસામાં વધુ બેના મોત

કોકરાઝાર,તા. ૧૧

કોકરાઝારમાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠ્યા બાદ આજે સતત બીજા દિવસે પણ પરિસ્થિતિ ખુબજ વિસ્ફોટક રહી હતી. ત્રણ મહિના અગાઉ પણ કોકરાઝારમાં સ્થિતિ વિકટ બની ગઈ હતી. ત્રણ મહિના અગાઉ પ્રદેશમાં હિંસા ભડકી ઉઠ્યા બાદ ફરી એકવાર કોકરાઝારમાં સ્થિતિ વિસ્ફોટક બની ગઈ છે. બોરોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલમાં બે લોકોના મોત પણ થાય છે. ઓરિસ્સામા વારંવાર હિંસા ભડકી ઉઠવાના મામલામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. કોકરાઝાર જિલ્લામાં ઘોસાઈ ગામમાં બજુગામમાં એક ખેડૂતને ઠાર મારી દેવામાં આવ્યો હતો. હિંસાગ્રસ્ત લોકોને પૂરતી સુરક્ષાવ્યવસ્થા આપવાની વહીવટી તંત્રએ ખાતરી આપી હોવા છતાં નવેસરની હિંસા ભડકી ઉઠી છે. નવેસરની હિંસામાં ત્રણ વણઓળખાયેલા શખ્સોએ બેને ઠાર મારી દીધા હતા. હિંસાના બનાવમાં અન્ય બે ખેડૂતો હેમખેમ બચી ગયા હતા. શનિવારે મોડી રાત્રે કોકરાઝાર શહેર નજીક અન્ય એક બનાવ પણ હિંસાનો બન્યો હતો જેમાં ૪૨ વર્ષીય રોબિન બોડો તરીકે ઓળખાયેલા બોડો શખ્સને ઠાર મારી દેવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ આજે પરિસ્થિતિની સમિક્ષા કરી હતી. ઉચ્ચસ્તરીય મિટિંગ પણ રાહત અને પુનઃવસવાટ માટે બોલાવવામાં આવી છે. આસામને ખુબજ સંવેદનશીલ રાજ્ય તરીકે ગણવામાં આવે છે. હાલમાં જ બોડો લોકો અને લઘુમતિ સમુદાયના મુસ્લિમ લોકો વચ્ચે હિંસા ભડકી ઉઠી હતી જેના કારણે દેશભરમાંથી ઘણા વિસ્તારોમાં મોટાપાયે હિજરત થઈ હતી. સમગ્ર મનમોહનસિંહ સરકાર આ ઘટનાથી હચમચી ઉઠી હતી.

### દિવાળી પર ઘઉ-ચોખાની કિંમત ન વધે તે હેતુ

## ઓપન માર્કેટમાં વધારાના ઘઉ-ચોખા વેચાણને મંજુરી

નવી દિલ્હી,તા. ૧૧

આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ તહેવારને ધ્યાનમાં લઈને કિંમતોમાં વધારે ઉથલપાથલ ન થાય તેની ખાતરી કરવાના હેતુસર ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ઘઉ અને ચોખાની વધારાની ફાળવણીને લીલીઝંડી આપી દીધી છે. આ કોમોડીટીના ભાવ તહેવારમાં એકાએક ન વધે તેની ખાતરી કરવામાં આવી રહી છે.



સરકાર દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ટેન્ડર વેચાણ માટે ૬૫ લાખ ટન ઘઉની ફાળવણીને મંજુરી આપી છે.

સાથે સાથે છુટક ગ્રાહકો અને કારોબારીઓને પણ રાહતો આપી છે. આવી જ રીતે ચોખાની સ્થિતિમાં પણ પગલા લેવામાં આવ્યા છે. રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ સરકાર તેમજ નાફેડ, એનસીસીએફ અને કેન્દ્રિય ભંડાર જેવા રાષ્ટ્રીય કો-ઓપરેટિવ મારફતે રિટેલ ગ્રાહકોને વેચાણ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ આ વેચાણ કરવામાં આવશે. ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ઘઉ અને ચોખાનું વેચાણ માર્કેટમાં આ કોમોડીટીની ઉપલબ્ધતાને વધારશે જેથી દિવાળીના તહેવારો ઉપર કિંમતોમાં વધારો થશે નહીં અને લોકોને રાહત મળશે. ઓપન માર્કેટમાં ઘઉ અને ચોખાની હંમેશા માંગ રહે છે તે બાબતની નોંધ લેવામાં આવી છે.

## શિયાળુ સત્ર પહેલા માયા સાથે વડાપ્રધાનની મંત્રણા


નવી દિલ્હી,તા. ૧૧

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ સાથે વાતચીત કર્યા બાદ વડાપ્રધાન મનમોહનસિંહ આજે તેમના સત્તવાર નિવાસસ્થાન ૭ રેસકોર્સ રોડ નિવાસ સ્થાન પર લંચ માટે બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીને મળ્યા હતા. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથ પણ લંચવેળા ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વચ્ચેની વાતચીત ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે રિટેલમાં એફડીઆઈ અને પેટ્રોલ-ડિઝલની કિંમતમાં ભાવ વધારાના મુદ્દે ભાજપ સામે લડવા સંયુક્ત યોજના યુપીએ સરકાર દ્વારા ઘડવામાં આવી રહી છે. સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ રહ્યુ છે ત્યારે જ આ પહેલા જ વ્યૂહરચનાને આખરી ઓપ આપવાની તૈયારી ચાલી રહી છે. ૨૨મી નવેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ રહ્યુ છે. વડાપ્રધાન સાથે બેઠક બાદ માયાવતીએ કહ્યુ હતુ કે અમે બહારથી સરકારને ટેકો આપી રહ્યા છીએ. મિટિંગ અંગે વધારે અટકળો કરવાની જરૂર નથી. અત્રે નોંધનીય છે કે શુક્રવારે મુલાયમસિંહ અને તેમના પુત્ર અખિલેશ યાદવ પણ વડાપ્રધાનને મળ્યા હતા.

## ૨જી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં હાલ ચાલી રહેલી ટ્રાયલને એક વર્ષનો ગાળો પૂર્ણ, ૧૦૦ સાક્ષીની તપાસ

નવી દિલ્હી,તા. ૧૧

ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ. રાજા અને ડીએમકેના સાંસદ કાનીમોઝી સહિત અનેક હાઈ પ્રોફાઈલ આરોપીઓને આવરી લેતા સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૨જી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં હાલ ચાલી રહેલી ટ્રાયલને એક વર્ષનો ગાળો પૂર્ણ થઈ ગયો છે પરંતુ ઘણુ કામ હજુ બાકી છે. આ એક વર્ષના ગાળા દરમિયાન ૧૦૦થી વધારે સાક્ષીઓની ચકાસણીના ભાગરૂપે ૩૦૦૦ પાનાની જુબાનીની નોંધણી કરવામાં આવી છે. ગયા વર્ષે ૧૧મી નવેમ્બરે દરરોજની ટ્રાયલ માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. એ વખતે ખાસ સીબીઆઈ જજ ઓપી સૈનીએ



ત્રણ ટેલિકોમ કંપની સહિત ૧૭ આરોપીઓ સામે આરોપો ઘઢ્યા હતા. પ્રથમ બે ચાર્જશીટમાં જે લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે લોકો સામે આરોપો ઘડવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે તેમની સામે પુરતા પુરાવા છે. પ્રથમ વર્ષે રાજા અને અન્ય ૧૬ ઉપરાંત કોર્ટે એસ્સાર ગ્રુપ અને લૂપ ટેલિકોમના પ્રમોટર સામે પણ ટ્રાયલ હાથ ધરી હતી. ૨જી કાંડમાં કનેક્શનના સંબંધમાં તેમની સામે પણ ટ્રાયલ હાથ ધરાતા કોર્પોરેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. આજ સુધી કોર્ટે આ કેસમાં સીબીઆઈના ૭૭ સાક્ષીઓના નિવેદનની નોંધણી કરી છે. કેસમાં રાજા મુખ્ય આરોપી છે. એસ્સાર અને લૂપ પ્રોમોટર્સ સામે પણ કેસ છે.

૨૮ પ્રોસિક્યુશન સાક્ષીઓના નિવેદનની નોંધણીની પ્રક્રિયાને પૂર્ણ કરી લેવામાં આવી છે. હજુ સુધી જજ દ્વારા ૩૦૦૦ પાનાના પુરાવા નોંધવામાં આવ્યા છે. ૨જી સ્પેક્ટ્રમ કેસમાં કાર્યવાહી કરવા સ્થાપિત કરવામાં આવેલી ખાસ સીબીઆઈ કોર્ટ દ્વારા કેસમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજા અને કાનીમોઝી ઉપરાંત આ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા લોકોની યાદી ખુબ લાંબી છે. આ કેસમાં આરોપી તરીકે રહેલાઓમાં કુસેગાવ ફ્રુટસ એન્ડ વેજિટેબલ્સના ડિરેક્ટર આસિફ બલવા, રાજી અગ્રવાલ, કલેગનર ટીવીના ડિરેક્ટર શરદ કુમાર અને બોલિવુડના નિર્માતા કરીમ મોરાનીનો સમાવેશ થાય છે.

## FII દ્વારા ઇક્વિટીમાં આ જ મહિને ૩૧૬૦ કરોડનું રોકાણ

મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં વિદેશીમૂડી રોકાણકારોએ રોકાણ મોટા પાયે જારી રાખ્યુ છે. આ મહિનામાં હજુ સુધી ઈક્વિટી શેરમાં વિદેશી રોકાણકારોએ ૩૧૬૦ કરોડનું રોકાણ કર્યુ છે. પહેલીથી નવમી નવેમ્બર વચ્ચેના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો વિદેશી સંસ્થાકિય રોકાણકારોએ ૧૫૩૫૦ કરોડની કિંમતના શેરની ખરીદી કરી છે જ્યારે ૧૨૧૮૪ કરોડની કિમતના શેરોનું વેચાણ કર્યુ છે. સેબી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે જો આને સીધી રીતે નેટ મૂડીરોકાણમાં ફેરવી નાંખવામાં આવે તો આ આંકડો વધીને ૩૧૬૬ કરોડ સુધી પહોંચે છે. ભારતીય ઈક્વિટી માર્કેટ એફઆઈઆઈ મૂડીરોકાણ વર્ષ ૨૦૧૨માં હજુ સુધી ૯૬૮૬૧ કરોડ નોંધાયુ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે એફઆઈઆઈ દ્વારા ભારતીય ઈક્વિટી માર્કેટમાં આત્મવિશ્વાસ જાળવી રાખ્યો છે. યુપીએ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારા પગલાના પરિણામસ્વરૂપે આર્થિક વિકાસમાં તેજી આવવાની શક્યતા દેખાઈ રહી છે. સાથે સાથે માર્કેટની સ્થિતિમાં પણ સુધારો દેખાઈ રહ્યો છે. એફઆઈઆઈ પ્રવાહ આગામી મહિનાઓમાં પણ જારી રહે તેવી શક્યતા છે. ભારત મૂડીરોકાણના વિકલ્પોના પરિણામસ્વરૂપે આકર્ષક સ્થળ તરીકે ઉભરી આવ્યું છે.

### પક્ષીઓ : પ્રકૃતિની પાઠશાળા (પાના નં. ૪ નું ચાલુ)

સુઘરીની સોબત કરતાં જો આવડી જાય તો સુખી સુખી. સુખને એક અવસર તો આપો!! સુઘરીજી... અમારાં દુઃખ તો કાપો. ધન્યવાદ.

હોલો અને કબૂતર એટલે શાંતિનાં દૂત. બે ચાર વખત નિયમિત ચણ નાખો એટલે દોસ્તી શરૂ. તમારા હાથને એ તાળી સમજી ત્યાં બેસી જમે. જેટલો વિશ્વાસ પક્ષઈઓને માણસ ઉપર છે એટલો જ માણસને માણસ ઉપર હોત તો!! કાગડો ભલે આમ તમને ખંધો ને લુચ્ચો લાગતો હોય પણ કોયલનાં બચ્ચાંને જે માવજતથી એ ઉછેરી આપે છે એવા એક સદગુણ આગળ કાગળના બધા દુર્ગુણો માફ. એક વાર તમે આ રીતે પડોશીના એક બાળકને ઉછેરી તો જુઓ! કાગડાના કેટલાક ગુણો તો માણસમાં હોવા જ જોઈએ! ચમકી ગયા ને? પણ સંઘ ભાવના, ચતુરાઈ, ગુપ્તરતિ ક્રીડા, સમય-પરીક્ષા, ચંચળતા - આ પાંચ લક્ષણોનો સમાવેશ બત્રીસ લક્ષણા પુરૂષમાં કરવામાં આવ્યો છે. કાકભુશંડીને વંદન ઘટે.

કાબરોની વાત કરો અને ઓછું બોલો એ ના ચાલે. સભા ભરવાનો ઈજારો થોડો ખઈ માણસ એકલાનો છે! માણસોના અનુત્પાદક ઘોંઘાટ કરતાં કાબરોનો શોર સો દરજ્જે સારો. કંઈક સાંભળતા હોય એવું તો લાગે! સચિવાલયના નવ માળના બિલ્ડિંગ ઉપરની સળંગ કિનારી ઉપર એક જ સીધી લાઇનમાં સમી સાંજે શિસ્તબધ્ધ રીતે બેસતી પુરી બસો કાબરો એક કતારમાં બેઠેલી આ લખનારે જાતે ગણીને ખાત્રી કરી છે. જયારે દરેક લિફ્ટ ઉપર 'લાઇનમાં ઊભા રહો' એવું સ્પષ્ટ લખેલું હોવાં છતાં વ્હાઈટ કૉલર ગણાતા અને પોતાને બહુ શિક્ષિત હોવાનું જણાવતાં સ્નાતક - અનુસ્નાતક હોવા છતાં લાઇન તોડી સીધાં લિફ્ટમાં ઘૂસ મારતાં કર્મચારીઓનો અહીં તોટો નથી. આ દૃશ્ય પેલી કાબરો જુએ તો આપણે શરમાવું પડે' કોણ કોને શું શીખવી જાય છે એ ય આપણે કાબરો પાસેથી શીખવાનું? લાજો હવે લાજો - બહુ સારા નથી લાગતા. શું નીર-ક્ષીર વિવેક લેવાય આપણે પેલા રાજહંસ પાસે જવું પડશે? તો તો પછી પ્રતિક્ષા માટે ચાતક, તીક્ષ્ણ દૃષ્ટિ માટે ગરૂડ, સ્વચ્છતા માટે ગીધ, ચીલઝપટ માટે સમડી, ધ્યાન માટે બગલા પાસે આપણે જવું પડશે એવું કોઇ કહે તો તેમાં અતિશયોક્તિ પામવા જેવું કશું નથી. કયા મૈં ઝૂઠ બોલિયા?

દરેક પક્ષીની એક આગવી વિશિષ્ટતા હોય છે. કોયલની મધુરતા, કાગડાની સમય સૂચકતા, મોરની છટા, પોપટની વાણી, સારસનો પ્રેમ, સુગરીની કલાત્મકતા, દરજીડાની કારીગરી, કબૂતરની શાંતિ, હોલાનું ભોળપણ, સમડીની ચીલઝપટ, ગરૂડની દૃષ્ટિ, ચામાચીડિયાની ચંચળતા, ચકલીનો પરિવાર પ્રેમ, કાબરોની સંઘ ભાવના, કુકડાની સુંદરતા, બુલબુલની વાક્પટુતા અને શાહમૃગની ઊંચાઇ - આ બધું પામવીની એક દૃષ્ટિ સાથે નીરખવાની ઝંખના હોવી જોઇએ. કાન દઈને સાંભળો તો દરેક પક્ષીની બોલીમાં એક સંવાદ હોય છે. હવે પછી જયારે લટાર મારવા નીકળો તો ઘર આંગણે, બગીચામાં, વૃક્ષો ઉપર, રસ્તામાં, આકાશમાં આ પક્ષીઓનું નિરીક્ષણ ચોક્કસ કરજો - જીવન સુધરી જવાની પુરી શક્યતા છે. યાદ કરો કલાપી : 'રે! પંખીડાં સુખથી ચણજો.'

પક્ષીઓ તો હરતાં ફરતાં પુસ્તકાલયો છે. એક એક પક્ષી એક પુસ્તક છે, જે વાંચતાં આવડે તો બેડો પાર થઈ જાય. કોયલનો ટહુકો ગઝલ છે, મોરની કળા વર્ષા ગીત છે, ચાતકની પ્રતીક્ષા હૈયાનું હાઈકું છે, બુલબુલનું પીક... અપ બાળગીત છે, કાબરોનો કલબલાટ બટુકોનું સુંદર વેદગાન છે, હોલાનું પ્રભુ તું પ્રભાતિયું છે, સુગરીનો માળો ઝીની ઝીની ચદરિયા જેવું કબીરનું પદ છે, સારસ - સારસીનો પ્રેમ મજાનું પ્રેમગીત છે, પપીહાનો પોકાર પ્રેમનું મુક્તક છે, સમડીનું ઉડ્ડયન ખંડ કાવ્ય છે, ત્યારે મહાકાવ્ય રામાયણની કથાનું સ્મરણ થઈ આવે છે. સીતાનું હરણ કરી જતા રાવણ સામે જટાયું જે યુધ્ધ સંગ્રામ ખેલે છે, ત્યારે જનનીના જણતલની મર્યાનગી માટે માન તો ઉપજે જ છે પણ એની આગળ આજના ઉચ્છ્રંખલ નવયુવાનો છાશવારે પણ આપણી રહી સહી આબરૂના ધજાગરા ઉડતા જોઇ શરમ આવે છે. શું આપણે એક પક્ષી કરતાં ય ગયા! આજથી છેડતી બંધ. આશા અમર છે.

કોઈ પક્ષીએ આત્મહત્યા કર્યાનું સાંભળ્યું નથી. કોઈ કાગડાને કૉલેરા નથી થયો અને કોઇ મોરને મધુપ્રમેહ નથી થતો. પોપટને પથરી નથી થતી અને હોલાને હાર્ટએટેક નથી આવતો. કારણ શું? પક્ષીઓ કુદરતમાં રહે છે અને કુદરતી જીવન જીવે છે એ પીત્ઝા, વડાપાઉં, પાણીપુરી, બર્ગર ખાતાં નથી. એમને સિગારેટનું વ્યસન નથી, એ સંગ્રહાખોર નથી. જો આપણે પણ કુદરતી જીવન જીવીએ તો ભગવાને ૧૦૦ (સો) વર્ષનાં પુરા આયુષ્યનું વરદાન માણસજાતને આપેલું છે જ પણ આપણને મરવાની બહુ ઉતાવળ હોય છે. પહેલું સુખ તે જાતે નર્યા - એ કહેવત પક્ષીઓ સાર્થક કરી દેખાડે છે પણ આપણે? પક્ષીઓ વિશે આટલું જાણ્યા પછી હવે કોઈને ય વહેલા મરવાોન અધિકાર નથી.